# ચૂંટણી કામગીરી માટે સનદી અધિકારીઓને અન્ય રાજ્યમાં મોકલાતા યોજનાના અમલીકરણમાં નકારાત્મક અસર

ગાંધીનગર, તા. ૯

રાજ્યોમાં યોજાતી વિધાનસભા ચૂંટણી કામગીરી માટે અન્ય રાજ્યોને એક બીજા રાજ્યમાંથી અધિકારીઓને મોકલવા માટેની રજુઆત મુખ્ય ચૂંટણી કમિશ્નરને કરવા માટેની વિચારણા રાજ્ય સરકારે હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ અત્યંત વિશ્વાસપાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યોમાં યોજાતી ચૂંટણીઓ માટે સનદી અધિકારીઓને ચૂંટણી ફરજ માટે મોકલવામાં આવે છે. જેના કારણે રાજ્યમાં વિકાસકામો પર નકારાત્મક અસરો પડે છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષપદે એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં એવી ચર્ચા કરવામાં આવી હતી કે રાજ્યના સનદી અધિકારીઓને અન્ય રાજ્યોમાં ચૂંટણી ફરજ અર્થે મોકલવામાં આવે છે જેના કારણે જેતે યોજનાના અમલીકરણમાં નકારાત્મક અસર થાય છે. આથી આ અંગે એક અધિકારી દ્વારા એવું સૂચન કરવામાં આવ્યું હતું કે આગામી દિવસોમાં દેશના ત્રણ થી ચાર રાજ્યોમાં ચૂંટણી હોય તો તે રાજ્યો પૈકીના રાજ્યના અધિકારીઓને એકબીજાના રાજ્યમાં ચૂંટણીની ફરજ સોંપવામાં આવે તો સરકારી કામગીરીને થતી નકારાત્મક અસર અટકાવી શકાય.

આ સૂચનના પગલે રાજ્ય સરકારે આ દિશામાં સક્રિય વિચારણા હાથ ધરી છે અને આગામી ટુંક સમયમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવશે અને ત્યાર બાદ સરકાર આ અંગેનો નિર્ણય લઈને મુખ્યમંત્રી કક્ષાએથી દેશના મુખ્ય ચૂંટણી કમિશ્નર સમક્ષ રજુઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી કામગીરી માટે રાજ્યમાંથી ૨૦થી ૩૦જેટલા સનદી અધિકારીઓને ચૂંટણી કામગીરી માટે મોકલવામાં આવે છે.



અષાઢ માસના પ્રથમ દિવસે ગાંધીનગર ટાઉનહોલ ખાતે આયોજિત સંસ્કૃત દિવસની ઉજવણી પ્રસંગે રાજ્યના સાંસ્કૃતિક વિભાગ દ્વારા સંસ્કૃતના પંડિતોનું સન્માન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# કુડાસણની કન્સ્ટ્રકશન સાઈટ પરથી મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા

## કન્સ્ટ્રકશન કંપનીને નોટીસ અપાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર તથા મેલેરિયા તંત્રની ટીમો આજે કુડાસણ, વાવોલ અને કલોલ શહેરની બાંધકામ સાઈટો પર ત્રાટકી હતી. જેમાં કુડાસણની બે સીટ પરથી મચ્છરોના બ્રીડીંગ મળતાં સાઈટ સંચાલકને સ્થળ પર જ નોટીસ આવી તાકીદે એન્ટી લારવેલની કામગીરી કરવા કડક સૂચના અપાઈ હતી.

છેલ્લા એક સપ્તાહથી મેલેરિયા તંત્રએ શહેર - જિલ્લાની વિવિધ કન્સ્ટ્રકશન સાઈટો પર ચકાસણીની ઝૂંબેશ હાથ ધરી છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં તંત્ર દ્વારા હાથ ધરાયેલ ઝૂંબેશને કારણે એન્ટી લારવેલની કામગીરી પણ સઘન બનવા પામી છે.

ગઈકાલે ગાંધીનગર શહેરમાં સરકારની રાજ્યકક્ષાની કચેરીઓના બ્લોકમાંથી મળેલા બ્રીડીંગ પછી અપાયેલી નોટીસ બાદ આજે ઘણી બધી સાઈટો પર કોન્ટ્રાકટર દ્વારા એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવી છે.

કુડાસણની સાઈટો પરથી આજે મજુરોનું સ્ક્રીનીંગ પણ કરવામાં આવ્યું હતું તો મચ્છરોનો જે બ્રીડીંગ મળ્યા હતા તેમાં બે જેટલા બ્રીડીંગ ડેન્ગ્યુના મચ્છરોના તથા ચારેક જેટલા મેલેરીયાના મચ્છરોનો બ્રીડીંગ મળી આવ્યા હતા.

# સાણંદ તાલુકાના તાજપુર ગામે ૧૮૫૭ના શહીદોને શ્રધ્ધાંજલિ

અમદાવાદ, તા.૯

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના તાજપુર ગામે ૧૮૫૭ના અમર વીર શહીદોને શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શ્રધ્ધાંજલિ અર્પતા જણાવ્યું હતું કે દેશને આઝાદી અપાવવામાં ગુજરાતનું યોગદાન ખૂબ જ મહત્વનું છે સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાની જાન ન્યોછાવર કરનાર યુવાનોને દેશ સદાય યાદ રાખશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૮૫૭ના સમયમાં ગુજરાતના અનિયમિત અશ્વારોહી દળના સાત સૈનિકોએ અમદાવાદમાં ૯મી જુલાઈ ૧૮૫૭ના રોજ બંડ પોકાર્યુ હતું. જેમાંના એક બાહોશ અને નિડર સૈનિક તાજપુર ગામના રત્નાજી ઠાકોર હોવાનું જણાય છે. આ સૈનિકોનો ઈરાદો સરકારી શસ્ત્રાગાર અને શસ્ત્રો કબજે કરવાનો હતો, પરંતુ વિરોધી ટુકડીના સૈનિકોએ એમને સાથ આપ્યો નહીં. સાતે સૈનિકો છાવણી છોડીને ભાગ્યા હતા. સરખેજ તરફ ઘોડા દોડાવ્યા. આ સમયે ઉપ લશ્કરી અધિકારી પીમ અને કેપ્ટન ટેઈલરની લશ્કરી ટુકડીએ એમનો પીછો કરીને અમદાવાદ-ધોળકા માર્ગ ઉપર તાજપુર ગામ પાસે આંતર્યા હતા. અહીં સંઘર્ષ થયો, પરંતુ પીમ સૈનિકોએ આ સ્વાતંત્ર્ય વાંચ્છુઓ સામે લડવાનો ઈન્કાર કર્યો, પરંતુ ટેઈલરની ટુકડીએ સ્વાતંત્ર્ય વાંચ્છુઓને મહાત કર્યા, સાતમાંથી બે સેનિકો વિંધાયા. કેપ્ટન ટેઈલર પણ ગંભીર રીતે ઘવાયા. બાકીના પાંચને શરણે આવવું પડયું હતું. એ બધાને ફાંસી આપવામાં આવી. તેઓને મદદ કરવાના આરોપસર બીજા દસ સૈનિકોને જેલની સજા કરવામાં આવી હતી.

શિક્ષણ મંત્રીશ્રી ચુડાસમાએ શ્રધ્ધાંજલિ આપતાં વધુમાં જણાવ્યું હતું કે ઈતિહાસમાં ૧૮૫૭એ ખુબ જ યાદગાર વર્ષ છે. આ એક બળવો ન હતો પણ ૧૮૫૭નું વર્ષ એક ક્રાન્તિ હતી. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના તાજપુર ગામે રંગાજી અને રત્નાજી ઠાકોરભાઈઓએ અંગ્રેજો સામે બાથ ભીડી અને શહીદી વહોરી હતી આ વીર શહીદોને ગુજરાત સદાય યાદ રાખશે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ભુષણ ભટ્ટ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ, અગ્રણીઓ, ગ્રામજનો તથા શાળાના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# કચ્છમાં જમીન માપણી અંગે વધારાની સરળ નીતિ જાહેર

## કચ્છના જમીન ધારકો-ખેડૂતોને વર્ષો જૂની પરેશાનીમાંથી મુક્તિ મળશે : ખૂબ જટિલ કેસોનું ભારણ હવે ઘટી જશે

ગાંધીનગર, તા.૦૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કચ્છના લોકો અને વિશેષ કરીને ખેડૂતોને જમીન માપણી વધારાની વર્ષો જૂની પરંપરાગત પધ્ધતિના કારણે સર્જાતી પરેશાનીમાંથી મુક્ત કરવાનો સ્તુત્ય નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીએ કચ્છીઓના અષાઢી બીજે શરૂ થતાં નવા વર્ષની ભેટ તરીકે આપેલી આ નવી નીતિમાં સમગ્ર કચ્છ જિલ્લામાં વૈજ્ઞાનિક પધ્ધતિએ જમીન માપણી વધારામાં પ્રવર્તમાન તમામ પ્રકારની વિસંગતતાઓનું નિવારણ કરીને કચ્છના સ્થાનિક જમીન ધારકો અને ખેડૂતોને માટે સંપૂર્ણ સરળ પ્રક્રિયા દાખલ કરવામાં આવી છે. રાજ્યના મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ, મુખ્યમંત્રીની સૂચનાથી, મહેસૂલ વિભાગે કચ્છ જિલ્લાની સર્વે થયા વગરની અને માપણી વિનાની જમીનોની માપણી વધારાની જૂની પ્રક્રિયાનું સરળીકરણ કરવાનું ભગીરથ અભિયાન હાથ ધર્યું હતું. મહેસુલ મંત્રીએ કચ્છ જિલ્લામાં વૈજ્ઞાનિક પધ્ધતિથી જમીનોની માપણી તબક્કાવાર હાથ ધરી હતી. હાલના મોટાભાગના ખેડૂતો જે જમીનો ધારણ કરેલી છે તેના ક્ષેત્રફળ જૂની પદ્ધતિના આધારે હોવાથી તેમાં ચોક્કસાઈ નહોતી અને અંદાજે આધારે થઈ હતી જેમાં ખેડૂત ખાતેદારનું હોલ્ડિંગ ચોક્કસ નહીં હોવાના કારમે પૂનઃમાપણીના પ્રશ્નો ઉભા થતા હતા. હજારો નાના-મોટા ખેડૂત ખાતેદારોને જમીન સંપાદન વખતે કે બિનખેતીમાં પરવાનગી આપતા વધારાના વખતોવખતના આદેશનું અર્થઘટન અને વિસંગતતાના અનેક પ્રશ્નોથી પરેશાની ભોગવવી પડતી હતી અને મહેસુલ વિભાગમાં કેસોનું ભારણ વધી રહ્યું હતું. મુખ્યમંત્રીએ ખેડૂતો અને જમીન ધારકોના વ્યાપક હિતના પ્રશ્ને મહેસુલ મંત્રી સાથે પરામર્શ કરીને સમગ્ર, પ્રક્રિયાનું સરળીકરણ કરતા જમીન માપણી વધારાની નવી નીતિ જાહેર કરી છે.

# મોદીની કચ્છી માડુઓને નવા વર્ષની શુભકામના

અમદાવાદ, તા.૦૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આવતીકાલે આષાઢી બીજથી શરૂ થતાં કચ્છીઓના નવા વર્ષ નિમિત્તે કચ્છી માડુઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે કચ્છ જિલ્લો હિન્દુસ્તાનનો સૌથી ઝડપી વિકાસ કરતો જિલ્લો બન્યો છે પ્રવાસન તથા ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરવા ઉપરાંત કૃષિક્રાંતિના ક્ષેત્રે પણ નવી ક્ષિતિજો સર કરી રહ્યો છે તેનું શ્રેય કચ્છીઓના ખમીરને ફાળે જાય છે. રાજ્ય સરકાર પણ કચ્છની પ્રગતિના અનેકવિધ નવા સોપાનો માટે પ્રતિબધ્ધ છે, એમ તેમણે કચ્છી અષાઢી બીજના પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું.

# નગરપાલિકા પેટા ચૂંટણીઓમાં ભાજપનો શાનદાર વિજય થયો

અમદાવાદ, તા.૦૯

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, આજરોજ જાહેર થયેલ નગરપાલિકાની પેટા ચૂંટણીઓનાં દસ પરિણામોમાંથી આઠ બેઠકો કબજે કરીને ભારતીય જનતા પાર્ટીએ પુનઃ વિજય પતાકા લહેરાવી છે. ગત પરિણામોમાં ભાજપને ઉપરોક્ત દસ બેઠકોમાંથી ત્રણ બેઠકો મળેલ હતી. જ્યારે કોંગ્રેસ પાસે ૬ બેઠકો હતી. પરંતુ આજે જાહેર થયેલા આ પરિણામોમાં ભાજપે કોંગ્રેસ પાસેથી ભરૂચની અંકલેશ્વરની એક, રાજકોટમાં ઉપલેટાની એક, જુનાગઢમાં ઉના નગરપાલિકાની ૨ તથા સુરેન્દ્રનગર જીલ્લાની પાટડી નગરપાલિકાની એક બેઠક ખૂંચવી લીધી છે. આમ, ગત ચૂંટણીઓમાંની કોંગ્રેસ પાસે હતી તેવી પાંચ બેઠકો ભાજપે કબજે કરેલ છે. છેલ્લા એક દાયકાથી વધુ સમયથી ગુજરાતમાં લોકલાડીલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર દ્વારા અવિરત થઈ રહેલા વિકાસના કાર્યોને ગુજરાતની શાણી તથા સમજુ પ્રજાએ પુનઃ મંજૂરીની મ્હોર મારી છે અને કોંગ્રેસની વિખવાદ-વિવાદ અને અંતરાયો ઉભા કરવાની મેલી રાજરમતને ફગાવી દઈને કોંગ્રેસને તેનું સાચું સ્થાન બતાવવાનું સ્તુત્ય કાર્ય કરવા માટે ગુજરાતનાં સુજ્ઞ મતદારોને લાખ-લાખ અભિનંદન આપવા ઘટે તેમ આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું.

# શાંતિદૂત કબૂતરો ઉડાડી રથયાત્રાનું સ્વાગત કરાશે

અમદાવાદ, તા.૦૯

અમદાવાદમાં આવતીકાલે બુધવારે નીકળનારી પવિત્ર રથયાત્રા દરિયાપુરમાંથી શાંતિ અને ભાઈચારાના માહોલમાં શાતિથી પસાર થાય તેવી શુક્રવારે મોટી નમાઝ વખતે મસ્જીદમાં દુઆ કવરામાં આવી હતી. છેલ્લા ૧૫ વર્ષથી દરિયાપુર લીમડી ચોક ખાતે રફીક નગરીની આગેવાની નીચે ૧૩૦મી રથયાત્રા વખતે ૧૩૦ શાંતિની દૂત ઉડાવેલા ૧૩૩મી રથયાત્રા વખતે ૮૦૦ કિલો બરફમાંથી પ્રકૃતિ બનાવેલ. આ વખતે અલગ અલગ જાતની ૯ આઈટમ જેવી કે તિરંગી પાઘડી, કોમી એકતાનો મોમેન્ટો, શાલ, ફુલ-હાર, શાંતિદૂત એવા કબૂતરો ઉડાવી તેમજ અલગ અલગ જાતના બેનરોથી પવિત્ર રથયાત્રાનું સ્વાગત કરાશે. આ પ્રસંગે ધારાસભ્ય ગ્યાસુદીન શેખ, પૂર્વ ધારાસભ્ય ફારૂક શેખ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ જનરલ સેક્રેટરી ઈકબાલ શેખ, મ્યુ. કાઉન્સીલર હસનખાન પઠાણ, સામાજીક આગેવાન અઝીઝભાઈ ગાંધી, શહેર ઉપપ્રમુખ અબ્દૂલ રઝાક શેખ, હમીદુલ્લા જુનેદ (નેતા) મકબુલ અન્સારી, ઈમ્તીયાઝ પ્રમુખ મુન્નાભાઈ, ઈમરાન વોરા, બન્નાની મસ્જીદના મુતવલ્લી કાલુચાચા હાજર રહી ભવ્ય સ્વાગત કરશે. શુક્રવારની મોટી નમાઝ વખતે સમગ્ર મસ્જીદોમાં ગુજરાતમાં રહેમતવાળો વરસાદ વરસાવે, દેશની એકતા અને અખંડિતતા કાયમ રહે તેવી દુઆ કરી હતી.


# સીવીએમની મહિલા ઈજનેરી કોલેજ એમબીઆઈસીટી જીટીયુમાં મોખરે

## પહેલી બેચના ૧૦૦ ટકા પરિણામ માટે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ દ્વારા સ્ટાફ-વિદ્યાર્થીઓને અભિનંદન

વલ્લભ વિદ્યાનગર, તા. ૯

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગુજરાતની પ્રથમ મહિલા એન્જિનિયરિંગ કોલેજ ચારુતર વિદ્યામંડળને ગૌરવ અપાવે છે. ચાર વર્ષ પહેલાં સ્થપાયેલી આ એન્જિનિયરિંગ કોલેજમાં મેરિટેબલ સ્ટાફ અને ક્વોલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિદ્યાર્થીનીઓને રહેવા માટેના છાત્રાલય સહિતની સુવિધા સાથેની આ કોલેજમાં ચાર વર્ષ પૂરા કરનારી પ્રથમ બેચનું પરિણામ કોમ્પ્યુટર એન્જિનિયરિંગ (સીઈ)માં ૧૦૦ ટકા ઈલેકટ્રોનિક એન્ડ કોમ્યુનિકેશનમાં ૯૭.૭ ટકા, ઈન્ફર્મેસન ટેકનોલોજી (આઈટી)માં ૯૮.૧૫ ટકા અને ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (આઈટીસી)માં ૧૦૦ ટકા આવ્યું છે. આમ એકંદરે કોલેજમાં અભ્યાસ કરવા જોડાતી વિદ્યાર્થીનીઓ કોઈ ઊંચા માર્કસવાળી નહીં હોવા છતાં કોલેજ જે રીતે વિદ્યાર્થીનીઓને તૈયાર કરે છે તેને પરિણામે તેની પહેલી બેચનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. એસપીઆઈ ૭ કરતાં વધુ હોય તેવી તુલનામાં આ કોલેજ સમગ્ર ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ)માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરે છે.

## શબ્દાવલી - ૫૧૧૪



### આડી ચાવી

૧. લુખ્ખી, દાટી (૪)
૩. પુનમનું અજવાળુ હોય અને ... નું અંધારૂં (૩)
૬. આકાશ, નભ (૪)
૭. ... થવું, અદૃશ્ય (૩)
૯. ગતિ (૨)
૧૦. ઈશારો (૩)
૧૧. સાચુ, ખરૂં (૨)
૧૨. પ્યાલો, ... રકાબી (૨)
૧૪. ઘરેણા (૩)
૧૬. વેલ (૨)
૧૭. ... ની અણી જેટલી જમીન પર નહીં આપું (દુર્યોધન) (૨)
૧૮. રંગ (૩)
૨૦. મર્યાદા (૩)
૨૧. બીમાર વ્યક્તિ જલ્દી સ્વસ્થ થાય તે (૪)

### ઊભી ચાવી

૧. ઉદર... માં રહે (૨)
૨. ઉદાહરણ, દૃષ્ટાંત (૩)
૩. લાજ, મર્યાદા (૪)
૪. મમ્મીના ભાઈ (૨)
૫. વકીલોને ડીગ્રી પછીના વર્ષે... મળે (૩)
૭. ...નું, ખુબ જરૂરી (૩)
૮. ... કરવી, ગમાડવું (૪)
૯. ચણાનો લોટ (૩)
૧૨. શોરબકોર, અવાજ (૪)
૧૩. એડ્રેસ-સરનામુ (હિન્દીમાં) (૨)
૧૪. કરિયાવર (૩)
૧૫. સર્વિસ (૩)
૧૭. ... બરસ કી બાલી ઉંમર કો સલામ... (ગીત) (૨)
૧૯. નશીબ (૨)

### શબ્દાવલી ૫૧૧૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાયદાશાસ્ત્રી (૪) વાઘ (૬) વામ (૭) વાવટા (૮) સુપ (૯) વાઘરણ (૧૦) વ્યાપ (૧૧) ઉપાધિ (૧૨) આડણી (૧૫) વેર (૧૬) તરાપો (૧૭) કાપણી (૧૮) જાડી

**ઊભી ચાવી :-** (૧) કાવાદાવા (૨) યમ (૩) શાણપણ (૪) વાવ (૫) ઘટાટોપ (૭) વાસ (૮) સુરપાણી (૧૦) વ્યાપિ (૧૧) ઉઘરાણી (૧૨) આવેશ (૧૩) ડર (૧૪) ખીચડી (૧૬) તપ

### ભવ્ય રથયાત્રા... ● પહેલા પાનાનું ચાલુ

સહિત અનેક આકર્ષણો રથયાત્રામાં જોવા મળશે. સે. ૧ થી ૩૦ માં નિયત રૂટ પર પસાર થનારી રથયાત્રાના સ્વાગત અને પૂજા-વિધિ માટે સેક્ટરવાસીઓએ પણ પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. ભાવિકોના સ્વાગત માટે પાણી, લીંબુ સરબત, છાશ તેમજ નાસ્તા સહિતની સુવિધા પુરી પાડવાનું આયોજન કરી દેવાયું છે. શહેરના ૩૧ કિ.મી.ના લાંબા રૂટમાંથી પસાર થતી યાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસતંત્ર દ્વારા પણ જરૂરી બંદોબસ્તનું આયોજન કરી દેવાયું છે. સ્થાનિક રહીશોની સાથે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાશે. શહેરની કલાસંસ્થા, કલ્ચરલ ફોરમ દ્વારા પણ ભગવાન જગન્નાથજીની રથયાત્રાના સ્વાગત માટે વિવિધ ૮ જેટલા સ્થળોએ હોર્ડિંગ્સ લગાવી દેવાયા છે.

શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાના સ્વાગત માટે તૈયારી કરી દેવાઈ છે. જેમાં સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૩ દ્વારા કડી સ્કૂલ પાસે રથયાત્રાનું ભવ્ય સ્વાગત પૂજનવિધિ કરાશે. આ પ્રસંગે સે. ૨૩ બ્રહ્મસમાજના પ્રમુખ મુકેશ શુક્લએ સમાજના સભ્યોને વિશેષ ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. સે. ૨૨ શોપીંગ પાસે પણ વેપારી મંડળના પ્રમુખ કાલીદાસ પટેલ સહીત વેપારી આગેવાનો રથયાત્રાનું સ્વાગત કરશે. જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પણ સવારે ૯.૩૦ કલાકે ઘ-૨ સર્કલ પાસે રથયાત્રાનું સ્વાગત કરાશે. આ વેળાએ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ, મહામંત્રી કે.પી. પટેલ, મહિલા કોંગ્રેસના તેમજ યુવા કોંગ્રેસના હોદ્દેદારો રથયાત્રાનું સ્વાગત કરશે. એન.એસ.યુ.આઈ. ના હોદ્દેદારો ઉપરાંત સ્થાનિક નગરસેવકો પણ રથયાત્રાનું સ્વાગત અને પૂજાવિધિમાં જોડાશે. સે. ૨૮/૨૯ ના પ્રવેશદ્વારે મુસ્લિમ સમાજના અગ્રણીઓ રથયાત્રાનું સ્વાગત કરશે. સામાજિક કાર્યકર બાબુભાઈ મનસુરી, મહંમદહુસેન મેમણ, આઝાદભાઈ મનસુરી, દરિયાખાન સિપાઈ તેમજ જીતેન્દ્રસિંહ વાઘેલા સહીતના આગેવાનો ઉપસ્થિત રહી કોમી એખલાસનું અનોખુ ઉદાહરણ પુરૂ પાડશે. ભારત વિકાસ પરિષદ દ્વારા પણ પ્રમુખ નિયંત્રણ બોર્ડની કચેરી પાસે સવારે ૧૦.૩૦, ભગવાનની રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાશે. પરિષદના પ્રમુખ હેમંત સુથાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે.

# ધનસુરામાં ૩ ઈંચ વરસાદ

અમદાવાદ, તા.૦૯

રાજ્યમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાકમાં ૪૩ તાલુકાઓમાં નોંધનીય વરસાદ વરસાવ્યો છે જેમાં સાબરકાંઠા જિલ્લાના ધનસુરામાં ૮૦ મીમી અને વલસાડ જિલ્લાના ધરમપુરમાં ૭૪ મીમી એટલે કે ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાનો અહેવાલો છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં વરસાદના એકાદ-બે ઝાપટા પડી શકે છે. રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ, દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડી શકે છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૩.૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૭ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૮૯ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૭૭ ટકા નોંધાયું હતું.

### ઉડાવી દેવાની ધમકી... ● છેલ્લા પાનાનું ચાલુ

હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. આ મેસેજને અત્યંત ગંભીરતાથી લઈને પોલીસ તંત્ર ખડે પગે થઈ ગયું છે. આજે મુખ્યમંત્રી જગન્નાથ મંદિર દર્શન કરવા નીકળ્યા તે દરમિયાન ગોઠવાયેલા રોડ બંદોબસ્તમાં પણ સુરક્ષાના હેતુસર ત્રણ ગણી પોલીસ વધારી દેવામાં આવી હતી તે ઉપરાંત આખા રૂટ પર સખત વાહન ચેકીંગ શરુ કરી દેવામાં આવ્યું છે. અમદાવાદમાં યોજાનાર રથયાત્રા દરમિયાન પણ સી.એમ.ની સલામતી વ્યવસ્થા સજ્જડ કરી વધારી દેવાઈ છે અને જિલ્લાની એસઓજી, એલસીબીની ટીમ ઉપરાંત તમામ ડીવાયએસપી રોડ બંદોબસ્તમાં લાગી ગયા છે.

# જગન્નાથ મંદિરમાં પુજામાં કોંગ્રેસના અગ્રણી સામેલ



અમદાવાદ, તા.૦૯

ભગવાન જગન્નાથની ઐતિહાસિક રથયાત્રા નાગરિકો માટે લોકયાત્રા બનશે તેવા ઉદગાર સાથે અમદાવાદના જમાલપુર સ્થિત જગન્નાથ ભગવાનના મંદિરે પૂજાવિધિમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા, વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા સિધ્ધાર્થ પટેલ, શક્તિસિંહ ગોહિલ, ધારાસભ્ય શૈલેષ પરમાર, હિંમતસિંહ પટેલ, સુરેન્દ્રસિંહ રાજપુત, ખુરશીદ સૈયદ, પંકજ શાહ, બદરૂદ્દિન શેખ, વિજય કેલ્લા, સુરેન્દ્ર બક્ષી, જુનેદ શેખ સહિતના આગેવાનો જોડાયા હતા. મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો આગેવાનો તથા સ્થાનિક નાગરિકોની ઉપસ્થિતિમાં કોંગ્રેસ પક્ષના આગેવાનોએ જગન્નાથ ભગવાનની રથયાત્રા શાંતિથી સંપન્ન થાય તેવી ભગવાન જગન્નાથ સમક્ષ પ્રાર્થના કરી હતી.

**'ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ'**
**રજી. ઓફિસ : બ્લોક નં. ૧૪/૧,**
**ડો. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ટેન્ડર નોટીસ નં. ૩/જીએમએસસીએલ/૨૦૧૩-૧૪**

અત્રેના કાર્યાલય હસ્તકના ગોડાઉન નં. ૮/એ, ૧૦/એ, મોર્ડન ઓર્ગેનાઈઝેશન, એફસીઆઈ ગોડાઉન કોમ્પ્લેક્ષ, બાલાજી કુટીર પાસે, કલોલ સાબરમતી હાઈવે, અડાલજ, જિ. ગાંધીનગર ખાતે સ્થાપિત કરવામાં આવેલ વોક ઈન કુલરના વાર્ષિક જાળવણી કરાર (સ્પેરપાર્ટ્સના ભાવ અલગથી આપવા) માટેના ભાવ આપના લેટરપેડ ઉપર સીલબંધ કવરમાં તા. ૧૮-૭-૨૦૧૩ સાંજે ૧૬ કલાક સુધી આ કાર્યાલયને મળી રહે તે રીતે મંગાવવામાં આવે છે.

**માહિતી/૭૩૩/૧૩-૧૪** **ડેપ્યુટી જનરલ મેનેજર (એડમીન)**

**જાહેર નિવિદા**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ., ગાંધીનગર**

વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ. ગાંધીનગરની કચેરીના ઉપયોગ માટે નમૂના મુજબના બાંધકામને લગતા પ્રિન્ટેડ રજીસ્ટર્સ પુરા પાડવા આ કામ કરતી સંસ્થા પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ માટેના કોરા ભાવપત્રકો અત્રેની કચેરીએથી નીચે પ્રમાણેના દસ્તાવેજો રજૂ કરેથી ઈસ્યુ કરવામાં આવશે. (૧) સંસ્થાનું નોંધણી પ્રમાણપત્ર (૨) પાન કાર્ડની નકલ (૩) સેલટેક્ષ / વેટના નોંધણીનું પ્રમાણપત્ર

રૂ. ૩૦૦/- (નોન રીફંડેબલ) રોકડા ભરવાથી લેટર પેડ પર અરજી કર્યે કોરું ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૧૬-૭-૨૦૧૩ રાખવામાં આવેલ છે. જ્યારે ભરેલ ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૨૩-૭-૨૦૧૩ સુધી રજી. પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. કવર ઉપર 'પ્રિન્ટેડ રજીસ્ટર્સ પુરા પાડવાના ભાવ' એમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. આવેલ ભાવો શક્ય હશે તો તા. ૨૪-૭-૨૦૧૩ના રોજ ૧૧.૦૦ કલાકે હાજર રહેલ એજન્સી સમક્ષ રૂબરૂ ખોલવામાં આવશે.

**ડે. જનરલ મેનેજર (પ્રો)**
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
ભોયતળીયે, નિર્માણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
**માહિતી/૭૩૯/૧૩-૧૪** ફોન : ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫

**અરણ્ય ઉદ્યાન (પૂર્વ કાંઠા) 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતેના સીવીલ કામોના મજુરીના ભાવોનું ટેન્ડર જાહેરાત**

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર તળેના અરણ્ય ઉદ્યાન (પૂર્વકાંઠા), ગાંધીનગર ખાતેની કચેરી હસ્તકના જુદા જુદા સિવિલ બાંધકામો માટે, બાંધકામ લગત મજુરી કામના કારીગરો, ઠેકેદારો, મંડળીઓ જોગ જાહેર રૂએ નિવિદા છે કે, જે કોઈ ઈસમો કે અન્ય કે જેઓ સીવીલ કામોના તમામ પ્રકારના મજુરી કામોના જાણકાર હોય અને મજુરી કામ લેવા ઈચ્છતા ધરાવતાં હોય તેવાશ્રીઓએ, આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ની મર્યાદામાં કચેરી કામકાજ સમયમાં નીચે જણાવ્યા મુજબની કચેરીએ પાનકાર્ડ નકલ સાથે અરજી કર્યેથી કોરા ટેન્ડર કોપી રૂ. ૫૦/- રોકડા ભર્યેથી મેળવી લઇ, તદ્અનુસાર ટેન્ડરમાં દર્શાવેલ મજુરી કામોની વિગત પ્રમાણે શરતો - જોગવાઈઓ મુજબ ટેન્ડર ભાવો ભરી, કવર પર 'બાંધકામના ભાવો' લખી, બંધ કવરમાં જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫ સુધીમાં આર.પી.એ.ડી.થી અત્રેની કચેરીએ મળી જાય તે રૂએ મોકલી આપવાના રહેશે. આ બાબતે કોઈ પૂછપરછ - વ - જાણકારી નીચેના સરનામે સંપર્ક કર્યેથી મેળવી શકાશે.

સરનામું :-
'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, 'જ' રોડ, ગાંધીનગર
ફોન નં. : (૦૭૯) ૨૩૨૨૧૩૮૫/૨૯૨૮૯૦૪૫

નાયબ નિયામકશ્રી (ઈ.ઈ.)
'ગીર' ફાઉન્ડેશન
ગાંધીનગર

**માહિતી/૭૨૪/૧૩-૧૪**